જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/૦૩/૨૦૧૭ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી નં.૫૩૮/૧૭

## કાગડાપીઠ પોલીસ સ્ટેશનઃ-

મે.પોલીસ કમિશ્નર શ્રી તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડિવીજન ચિંતન તેરૈયા સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ પ્રોહીની અસામાજીક પ્રવૃતિ અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અન્વયે પોલીસ ઈન્સ્પેકટર શ્રી એસ.એસ.મોદી તથા સ્ટાફના માણસોએ અત્રેના કાગડાપીઠ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર વિસ્તારમા રહેતા **જયકિશન ઉર્ફે રાજુ નારણદાસ જાતે.કોષ્ટી ઉ.વ.૫૦ રહે-મ.ન.૮૧૬/એ/૧૭ નાનપુરાની ચાલી, વેદમંદિર રોડ, કાંકરીયા અમદાવાદ શહેર** નાઓ પ્રોહીની પ્રવૃતી સાથે સંકળાયેલ છે. જેઓ ચોરી છુપીથી પ્રોહીની અસામાજીક પ્રવૃતી કરતા હોય, જેની વોચમાં રહી અવાર-નવાર દેશીદારૂના કેસો કરેલ છે. જેમાં કાગડાપીઠ પોલીસ સ્ટેશન
(૧) કાગડાપીઠ પો.સ્ટે.પ્રોહી ગુ.ર.નં.૫૩૧૪/૧૬ પ્રોહી ૬૬(બી) ૬૫(ઈ), ૮૧, ૯૯ મુજબ
(૨) કાગડાપીઠ પો.સ્ટે.પ્રોહી ગુ.ર.નં.૫૦૫૦/૧૭ પ્રોહી કલમ ૬૬(બી) ૬૫(ઈ), ૮૧, ૯૯ મુજબના ગુનાઓ નોંધાયેલ છે.

સદરી આરોપી વિરુધ્ધ પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નરશ્રી સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે પાસા હુકમ ક્રમાંક/PCB/DTN/પાસા/૧૪૯/૧૭ તા.૧૪/૩/૨૦૧૭ અન્વયે હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને તેઓના રહેણાક સરનામે વોચમાં રહી મળી આવતા પકડી લઈ **આજરોજ તા.૧૬/૩/૨૦૧૭ ના કલાક ૧૪/૧૫ વાગે પાસા હુકમની બજવણી કરી "પોરબંદર" જેલ ખાતે** પાસા અટકાયતીને જરૂરી જાપ્તા (૧) અનાર્મ પો.કો. રણજીતસિંહ મનુભાઈ બ.નં.૨૬૪૩ તથા (૨) અનાર્મ પો.કો.નિતીનકુમાર અરૂણભાઈ બ.નં.૧૨૫૭ નાઓ સાથે મોકલી આપવામાં આવેલ છે. તા.૧૬/૩/૨૦૧૭



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશનઃ

આજરોજ તા.૧૬/૩/૧૭ નારોજ ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં ગર્લ્સ પોલીટેકનીક કોલેજ, એલ.ડી.કોલેજ, કે/એસ સ્કૂલ ઓફ બીઝનેશ કોલેજ, એમ.જી.સાયન્સ ઈન્સ્ટીટ્યુટના વિદ્યાર્થીઓને તેમજ ગુલબાઈ ટેકરા જોગણીમાતાના મંદિર નજીક રહેતા નાગરીકોને સુરક્ષાને લગતી વિડીયો ફિલ્મ બતાવી માહીતી આપી પુસ્તકોનુ વિતરણ કર્યુ હતુ.










Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

## :- દાણીલીમડા પોલીસ સ્ટેશન :-

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ તેમજ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી " કે " વિભાગનાઓ તરફથી નાસતા ફરતા,પેરોલ જમ્પ,વોન્ટેડ આરોપી તેમજ તડીપાર ઇસમોને પકડવા અંગેની ડ્રાઇવ રાખવામાં આવેલ હોય જે ડ્રાઇવ અન્વયે સિનિયર પોલીસ ઇન્સપેકટરશ્રી આર.કે.અમીનનાઓની સુચના તેમજ માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

(૧) **ગાંધીનગર જીલ્લાના ડભોડા પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં.૨૦૭/૧૬ પ્રોહી કલમ ધી પ્રોહી કલમ ૬૬(બી), ૬૫(એ,ઇ),૧૧૬(બી),૮૧ મુજબના ગુનાના કામે નાસતો ફરતો આરોપી અલાઉદ્દીન સરફુદ્દીન જાતે મણિયાર ઉવ.૩૬ રહે.ઘ નં.૧૭૬, ૧૭૭ સીમરન રો હાઉસ અલસના દાણીલીમડા અમદાવાદ શહેરનાને** સર્વેલન્સ સ્કોડના મ.સ.ઇ. શબ્બીરખાન ઇબ્રાહિમખાન તથા પો.કો.ઇમરાનખાન અબ્દુલખાન તથા પોકો.દિલીપસિંહ ગુલાબસિંહ તથા પોકો.જીલુભાઇ મેરામભાઇ તથા પોકો.જગદીશભાઇ ગણેશભાઇ તથા પોકો.હરપાલસિંહ પવનસંગ વિગેરે માણસો સાથે પેટ્રોલીંગમાં નીકળેલ તે દરમ્યાન દાણીલીમડા મોહંમદી મસ્જીદ પાસે બેરલ માર્કેટ ખજુરીના ઝાડ પાસે જાહેર રોડ ઉપર આવતા સાથેના પો.કો.ઇમરાનખાન અબ્દુલખાન તથા પો.કો.જગદીશભાઇ ગણેશભાઇ નાઓને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે આજરોજ તા.૧૬/૦૩/૨૦૧૭ ના કલાક : ૦૧/૫૦ વાગે પકડી લઇ નાસતા ફરતા આરોપીને પકડવામાં સફળતા મળેલ છે.

**નાયબ પોલીસ કમિશનર**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)